ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધિકારી/ કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણો અન્વયે પગાર ભથ્થાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૭/૫૯૬/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૩/૦૪/૨૦૧૮.

<u>વંચાણે લીધા</u> :-

(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ/ તા.૧૬/૦૮/૨૦૧૬.

(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૨૦૧૬/ચો.૪૫૭/(૧૫)/પગાર એકમ/(અ), તા.૧૭/૧૦/૨૦૧૭.

(3) નાણા વિભાગના પત્ર ક્રમાંકઃ જનવ/૧૦૨૦૧૭/૩૮૪૯૫૬/અ, તા.૦૪/૦૭/૨૦૧૭

(૪) નાણા વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પગર/૧૦૨૦૧૭/૯/પગાર એકમ, તા.૨૩/03/૨૦૧૭

(૫) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની દરખાસ્તનો પત્ર ક્રમાંકઃ જીટીડીસી/ મકમ/ વહટ/ સાતમુ પ.પં/વશી/૩૧૨૪/૨૦૧૭, તા.૨૫/૦૯/૨૦૧૭

(૬) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના પત્ર ક્રમાંકઃ જીટીડીસી/મકમ/વહટ/સાતમું પ.પં/ ૩૪૧/૨૦૧૮, તા.૧૩/03/૨૦૧૮

<u>પ્રસ્તાવના</u> :-

કેન્દ્ર સરકારના સાતમાં પગારપંચની ભલામણો અનુસંધાને રાજ્ય સરકારના કર્મચારીઓને સુધારેલ પગાર ધોરણો તથા ભથ્થાનો આપવાનો નિર્ણય રાજ્ય સરકારે વંચાણે લીધેલ ઠરાવ (૧) થી કરેલ છે. તેના અનુસંધાને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી/ કર્મચારીઓને કેન્દ્ર સરકારના સાતમાં પગારપંચની ભલામણો અન્વયે રાજ્ય સરકારે સ્વીકારેલ પગાર ધોરણ અને ભથ્થાઓ લાગુ પાડવા બાબતે વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૨) થી ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો બોર્ડ/ નિગમના જે કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ નાણાં વિભાગની મંજુરીથી આપવામાં આવેલ હોય અને પગાર બાંધણીની ઓનલાઇન પગાર બાંધણી અને

ચકાસણી થયેલ હોય તેઓને જ નિયત શરતોને આધિન સાતમાં પગારપંચ અન્વયે સુધારેલ પગાર ભથ્થાનો લાભ આપવાનું ઠરાવેલ છે. આ માટે બોર્ડ/ નિગમો દ્વારા પોતાના સંચાલક મંડળ/ બોર્ડ ઓફ ડિરેક્ટરની બેઠકમાં જરૂરી ઠરાવ પસાર કરી નાણા વિભાગના તા.૦૪/૦૭/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ જનવ/૧૦૨૦૧૭/૩૮૪૯૫૬/અ થી પરિપત્રિત કરવામાં આવેલ સૂચનાઓ નિયત ચેકલીસ્ટ તથા નમૂનામાં પત્રકની વિગતો સહિતની આ અંગેની દરખાસ્ત સંબંધિત વહીવટી વિભાગ દ્વારા નાણાં વિભાગને રજુ કરવાનું ઠરાવવામાં આવેલ હતું. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધિકારી/કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીડીસી/ ૨૦૦૯/ ૪૩૬/ઘ તા.૩૧/૦૩/૨૦૧૧ થી આપવામાં આવેલ છે. જેથી સદરહું બાબતે ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ નિગમે તેના અધિકારી/ કર્મચારીઓને સાતમાં પગાર પંચ અન્વયે પગાર ભથ્થાનો લાભ આપવા માટે નિગમના સંચાલક મંડળમાં ઠરાવ પસાર કરી સંદર્ભ પત્ર (૫) તથા (૬) થી વિભાગને અત્રે જરૂરી દરખાસ્ત કરવામાં આવેલ.

**<u>ઠરાવ :-</u>**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધિકારી/ કર્મચારીઓને સાતમાં પગાર પંચની ભલામણો અન્વયે પગાર ભથ્થાનો લાભ આપવા બાબતની કાળજીપૂર્વકની વિચારણાના અંતે કેન્દ્રીય સાતમાં પગાર પંચની ભલામણો અન્વયે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધિકારી/ કર્મચારીઓને આ સાથે બિડેલ પત્રક-અ માં જણાવ્યા પ્રમાણે ક્રમાંક ૧ થી ૧૧ સામે દર્શાવેલ સંવર્ગની જગ્યાઓ માટે હાલના પગાર ધોરણ સામે "સ્કેલ ટુ સ્કેલ" ના ધોરણે નીચેની શરતોને આધીન આપવાનું આથી ઠરાવવામાં આવે છે :

**<u>શરતો :-</u>**

(૧) આ સાથે સામેલ સંવર્ગવાર જગ્યાઓના પત્રક-(અ)ના અનુક્રમ ક્રમાંક ૧ થી ૧૧ સામે દર્શાવેલ જગ્યાઓ સિવાયની કોઇપણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહી. ઉપરાંત ફીક્સ પગારની તેમજ કરાર આધારિત જગ્યાઓને સાતમાં પગાર પંચનો લાભ આપી શકાશે નહી.

(૨) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા રાજ્ય સરકારની મંજુરી વીના કોઇ જગ્યા નિગમમાં ઠરાવ કરીને ઉભી શકાશે નહી અને તેને સાતમાં પગારપંચ મુજબનો પગાર આપી શકાશે નહી. જેટલી જગ્યાઓ માટે સાતમાં પગાર પંચનો લાભ આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે તે સિવાયની કોઇપણ જગ્યાને સાતમા પગારપંચનો લાભ આપી શકાશે નહી આ માટે પાછળથી નિગમ પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી હાથ ધરશે તો નિગમના મેનેજીંગ ડીરેક્ટર તેમજ વહીવટી અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૩) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા આ પગાર સુધારણાનો અમલ તા.૦૧/૦૧/૨૦૧૬ થી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઇઓને આધિન "સ્કેલ ટુ સ્કેલ" ના ધોરણે કરવાનો રહેશે. નિગમના કર્મચારીઓને **સાતમાં પગાર પંચનો લાભ તા.૦૧/૦૧/૨૦૧૬ મળવાપાત્ર થશે.** પરંતુ, ખરેખર પગારમાં ચુકવણી વહીવટી વિભાગ દ્વારા પગાર સુધારણા અંગેના હુકમોની તારીખ પછીના માસની પહેલી તારીખથી કરવાની રહેશે. ઉદાહરણ તરીકે, જો એપ્રિલ માસમાં હુકમો કરવામાં આવે તો મે પેઇડ ઇન જુનના પગારમાં મળવાપાત્ર થશે. તા.૦૧/૦૧/૨૦૧૬ થી ખરેખર પગારમાં ચૂકવણીની તારીખ સુધીના સમયગાળાની પગાર તફાવતની રકમ અંગે રાજ્ય સરકાર દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર મળવાપાત્ર થશે.

(૪) હાલમાં મળતા તમામ ભથ્થાઓ તેમજ મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય લાભો છઠ્ઠા પગારપંચના પગાર મુજબ તેમજ તે દર મુજબ મળવાપાત્ર થશે. નિગમના કર્મચારીઓની પગાર બાંધણી બાબતે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમ, ૨૦૧૬ની જોગવાઇઓ ધ્યાને લેવાની રહેશે. પગાર સુધારણા કરતી વખતે તમામ સંવર્ગોમાં "સ્કેલ ટુ સ્કેલ" મેચિંગ કરવાનું રહેશે.

(૫) પત્રક-(અ)માં દર્શાવવામાં આવેલ પગાર ધોરણ નિગમ દ્વારા ચકાસવાના રહેશે અને "સ્કેલ ટુ સ્કેલ" મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે તેમા વિસંગતતા જણાયે પુનઃ દરખાસ્ત કરી મંજુરી મેળવવાની રહેશે.

(૬) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગારપંચ પ્રમાણે ઓનલાઇન પગાર બાંધણી કરવાની

રહેશે. <u>પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીની સાતમાં પગારપંચ મુજબ પગાર બાંધણી થઇ શકશે નહી. તેવા કર્મચારીની પગાર બાંધણી કરી સાતમાં પગાર પંચ મુજબ આકારવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.</u>

(૭) ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ ખાતે તા.૦૧/૦૧/૨૦૧૬ ની સ્થિતિએ મંજુર થયેલ કુલ જગ્યાઓ **<u>૧૦૨ છે.</u>** જે પૈકી ભરાયેલ જગ્યાઓ **<u>૩૧ છે</u>** (ભરાયેલ જગ્યાઓ પૈકી **<u>૧૧ કર્મચારી</u>** પ્રતિનિયુક્તિ થી ફરજો બજાવે છે) અને **<u>૭૧ જગ્યાઓ ખાલી છે.</u>** ખાલી રહેલ જગ્યાઓ રદ કરવાની રહેશે અને તે અંગેના વિધિસર હુકમો કરવાના રહેશે. જો નિગમને જગ્યાઓ ભરવાની/ ઉભી કરવાની જરૂર જણાય તો તે અંગે સમીક્ષા કરી દરખાસ્ત કરી સરકારની મંજુરી મેળવવાની રહેશે. પ્રતિનિયુક્તિથી ફરજ બજાવતા ૧૧ કર્મચારીઓની પગાર બાંધણી તેઓની મૂળ કચેરી દ્વારા કરવાની રહેશે.

(૮) રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ જગ્યાઓ પર નિગમ/ કોર્પોરેશન/ નિગમ દ્વારા નિયત ભરતી પ્રક્રિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમા પગાર પંચ મુજબ સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તે સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહી. તથા તે માટે કોઇ અનુદાન (પગાર-ભથ્થા અને નિવૃત્તિના લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે નહી.

(૯) નિગમની કોઇ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહી.

(૧૦) ભારત સરકાર અને ગુજરાત સરકારની સૂચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખિત પરિક્ષાથી ભરવાની રહેશે. વોક ઇન ઇન્ટરવ્યુ (સાક્ષાત્કાર કસોટી) દ્વારા જગ્યાઓ ભરી શકાશે નહી. તથા તેની ઉપરની જગ્યાઓમાં પણ પ્રાથમિક કસોટી અને ઇન્ટરવ્યુના ગુણ ધ્યાનમાં લઇ પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે. (તા.૦૧/૦૧/૨૦૧૬ અને ત્યારબાદની તમામ જાહેરાત કે જેની પસંદગી પ્રક્રિયા બાકી છે તેમા ઉક્ત શરત લાગુ પાડવાની રહેશે.)

(૧૧) નિગમ દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને આઉટસોર્સીંગથી કામગીરી લઇ શકાતી હોય તેવી જગ્યાઓની કામગીરી આઉટસોર્સીંગથી મેળવવાની રહેશે.

(૧૨) નિગમના કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા/ પગાર બાંધણી અંગે નિયમ નમૂનામાં વિકલ્પ આપી શકાશે અને સંબંધિત કચેરી દ્વારા <u>કર્મચારીઓ પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ જ, વિકલ્પ મુજબ જે તે તારીખથી પગાર બાંધણી કરવાની રહેશે.</u> એક વખત આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણાશે. નિગમના કર્મચારીઓ પાસેથી નિયત નમૂના મુજબના બાંહેધરી પત્રમાં બાંહેંધરી મેળવવાની રહેશે.

(૧૩) નિગમના તમામ કર્મચારીઓનું IFMS સિસ્ટમ દ્વારા ફરજિયાત પણે ઓનલાઇન પે-ફિક્સેશન તથા ઓનલાઇન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરીફીકેશન કરાવવાની જવાબદારી જે તે સંસ્થાના પે ફીક્સેશન કરાવવાનું રહેશે. છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફીકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો બનેલ પ્રસંગો અદ્યતન કરી, ત્યારબાદ જ સાતમાં પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષના અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૬ મુખ્ય સદરઃ૨૨૨૫- પેટા મુખ્ય સદર- ૦૨, ગૌણ સદર-૭૯૬, પેટા સદર-૧૮ બીસીકે ૧૯૪ ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ અને બોર્ડ હેઠળ થયેલ જોગવાઇમાંથી ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૯/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિદ્યુત પંડ્યા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

# પત્રક-(અ)

| ક્રમ | સંવર્ગ | તા.૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા નિયમિત પગાર ધોરણ ની જગ્યાઓ પૈકી | | | છઠ્ઠા પગાર પંચ મુજબ પે બેન્ડ અને ગ્રેડ પે | | સાતમા પગાર પંચ મુજબની પે મેટ્રીક્ષમાં ગ્રેડ પે આધારિત લેવલ | પે મેટ્રીક્ષ મુજબ લઘુત્તમ પગાર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર જગ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | પે બેન્ડ | ગ્રેડ પે રૂ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | કાર્યપાલક નિયામક | ૦૧ | ૦૦ | ૦૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ | ૧૨ | ૭૮,૮૦૦ |
| ૨ | મેનેજર | ૦૧ | ૦૦ | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૫૪૦૦ | ૯ | ૫૩,૧૦૦ |
| ૩ | ડે.મેનેજર | ૦૪ | ૦૧ | ૦૩ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ | ૮ | ૪૪,૯૦૦ |
| ૪ | આસી.મેનેજર | ૦૭ | ૦૧ | ૦૬ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ | ૭ | ૩૯,૯૦૦ |
| ૫ | સીની.આસીસ્ટન્ટ | ૧૪ | ૦૬ | ૦૮ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૫,૪૦૦ |
| ૬ | જુની. આસીસ્ટન્ટ | ૧૦ | ૦૬ | ૦૪ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫,૫૦૦ |
| ૭ | કારકુન | ૪૬ | ૧૨ | ૩૪ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯,૯૦૦ |
| ૮ | ટાઇપીસ્ટ | ૦૧ | ૦૦ | ૦૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯,૯૦૦ |
| ૯ | સ્ટેનોગ્રાફર (અંગત મદદનીશ) | ૦૪ | ૦૧ | ૦૩ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ | ૨૫,૫૦૦ |
| ૧૦ | ડ્રાઇવર | ૧૧ | ૦૩ | ૦૮ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ | ૧૯,૯૦૦ |
| ૧૧ | પટાવાળા | ૦૧ | ૦૧ | ૦૦ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | IS1 | ૧૪,૮૦૦ |
| | કુલ....... | ૧૦૨ | ૩૧ | ૭૧ | | | | |